**દલિત અધિકાર એ જ માનવ અધિકાર**

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૪ અંક : ૫ સળંગ અંક : ૩૧૭ પ્રકાશન : તા. ૦૧-૧૦-૧૮ પોસ્ટીંગ : તા. ૦૫-૧૦-૧૮ પાનાં : ૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/- છૂટક રૂ. ૩/-



## વસંતલાલ ચૌહાણ, ડૉ. રમેશચંદ્ર પરમાર અને હું

**સ્મરણ**

**દલપત ચૌહાણ**

આજનો દિવસ અને આ સભા મારે મન સ્મૃતિસભા સમાન છે. અહીં રમેશભાઈની વાત કરતાં મારે થોડી મારી વાત કરવી પડશે. એમના વિશે કહેતાં મારી વાત થોડીક ઉમેરાય એવું બને. તેમાંથી બાકાત રહેવા પ્રયત્ન કરીશ. સૌથી પહેલાં મને એક આદરણીય ચહેરો યાદ આવે છે. જે અમદાવાદમાં આઝાદી પછી ઉછરેલા દલિત યુવકોની સાથે ક્યાંકને ક્યાંક જોડાયેલો છે. તે છે, મુ. વસંતલાલ ચૌહાણ. એમને અમે 'ગુરુજી' કહેતા. 'ગુરુજી' એટલે કંઠી વાળા નહીં, કસરતવાળા. એમણે આઝાદી પછીના વર્ષોમાં ચાલીએ ચાલીએ અખાડા એટલે કે વ્યાયામ શાળાઓ અને નવયુવક મંડળની સ્થાપના કરી હતી. યુવાનોમાં નવું જોમ, જુસ્સો પૂર્યા હતા. અમારા રખિયાલ વિસ્તારમાં આવેલી ચાલીઓમાં એમણે અખાડા પ્રવૃત્તિ કરવા ખાડાવાળી ચાલી ઉર્ફે ભારતીય નગરમાં ૧૯૫૧માં 'ભારતીય નવયુવક મંડળ'ની સ્થાપના કરેલી. તેના સંવાહક હતા બે ભાઈ ! કાકા બાપાના દીકરા. એક રમેશભાઈ પરમાર અને બીજા કેશુભાઈ પરમાર. અમારી ચાલી, લાલમિલ સામેની ગલીમાં, નામે વંઢાવાળી ચાલી ઉર્ફે જીવણલાલ જેઠાલાલની ચાલી. અહીં ગુરુએ 'સુભાષ યુવક મંડળ'ની સ્થાપના, ૧૯૫૩માં કરેલી. તેના સંવાહક હતા મારા મોટાભાઈ, ચતુરભાઈ ચૌહાણ.

આઝાદીના સમયમાં મિલો ત્રણ પાળી કામ કરે. સવારના સાતથી બપોરના સાડા ત્રણ. બીજી પાળી બપોરના સાડા ત્રણથી રાતના બાર અને છેલ્લી પાળી રાતના બારથી સવારના સાત. પહેલી અને બીજી પાળી વાળા કારીગરોની પાળીઓ બદલાય. છેલ્લી પાળી વાળા કાયમ છેલ્લી પાળીમાં કામ કરે. ગુરુ નેશનલ મિલમાં પહેલી-બીજી પાળીમાં કામ કરે અને મિલમાંથી છૂટીને સીધા ઘેર જવાને બદલે ચાલીઓમાં, અખાડાઓમાં અંગ કસરતના દાવ, લાઠી, જમૈયા, કબડ્ડી વગેરે શિખવે. સાથે સાથે બૌદ્ધિક વર્ગો ચલાવે. એમણે એક દિવસ અમારી ચાલીના યુવકો-બાળકો વચ્ચે વાત કરી કે ખાડાવાળી ચાલીમાં 'કબાટ લાઈબ્રેરી' છે. ત્યાં ભણતર સિવાયના પુસ્તકો વાંચવા મળે છે. પુસ્તક લઈ આવવાનું અને વાંચીને પાછું આપી દેવાનું. ધૂળાભાઈની ચાલીમાં પણ મોટી લાઈબ્રેરી છે.

એટલું જાણતાં હું ખાડાવાળી ચાલીમાં પહોંચ્યો અને 'કબાટ લાઈબ્રેરી' શોધી કાઢી. આ પુસ્તકોનું કબાટ 'મજૂર મહાજન સંઘ' દ્વારા મૂકવામાં આવેલ અને તેનો વહીવટ રમેશભાઈ પરમારના ઘરની ઓસરીમાંથી થતો હતો. તે વેળાએ રમેશભાઈ અઢારેક વર્ષના હશે. ૧૯૫૩-૫૪માં પહેલીવાર હું રમેશભાઈને તેમના ઘરની ઓસરીમાં મળેલો. ત્યારથી હું તેમને ઓળખતો થયેલો. કેટલીકવાર તેમના યુવક મંડળની કબડ્ડી ટીમમાંથી હું હરીફાઈમાં ભાગ લેતો. આ પુસ્તકાલય તેમણે ૧૯૫૩થી ૧૯૫૭ સુધી ચલાવેલું. આ સમય દરિયાન એમણે 'ભારતીય યુવક મંડળ' ચલાવ્યું ત્યાં ૧૯૫૫-૫૬માં દંડા દળની વાત આવે છે. આ દંડા દળની ઉપજ અને 'વિચાર વિનિમય સભા' પણ ગુરુની હતી.

આઝાદી આવી, પાછી ચૂંટણી આવી. અસામાજિક તત્વો પર જાણે સરકારનો કોઈ કાબૂ ના રહ્યો હોય એવી સ્થિતિ પરા વિસ્તારમાં સર્જાઈ હતી. ગુંડાઓ દ્વારા મજૂરોને રંજાડવામાં આવતા અને એમાંય દલિત મજૂરોને ગુંડાઓ-દાદાઓ જતા આવતા મજૂરોને રોકી ખિસ્સા ખાલી કરી નાખતા. મિલના માસ્તર, જોબર, પ્રતિનિધિ વગેરેને ધમકી આપી નાણાં પડાવતા. પઠાણો મિલને નાકે ઊભા રહી મજૂરોને નાણાં ધીરતા, એનું વ્યાજ રૂપિયે ચાર આના વસૂલતા. મજૂર વ્યાજ ચૂકવી ના શકે તો મારે, લૂંટી લે !

આવી અરાજકતામાં મુ. વસંતલાલના જીવનમાં એક વિચિત્ર ઘટના બની. તે વેળાએ મજૂરોની 'મજૂર મહાજન સંઘ' નામે સંસ્થા ચાલે. મિલોમાં ખૂબ જ બહોળો પ્રચાર. શેઠિયા 'મહાજન'ની વાત માને. મિલોમાં ખાતાવાર પ્રતિનિધિ ચૂંટવામાં આવે. આ પ્રતિનિધિ તરીકે ચૂંટણીમાં ઊભા રહેવાની એક એ શરત હતી કે તે ઉમેદવાર દારૂ પીતો ના હોવો જોઈએ. મિલોમાં જાતિવાર ખાતાઓ હતા. એમાં દલિતોને ભાગે વાઈંડિંગ ખાતું, થ્રોસલખાતું અને બોઈલર ખાતું. લગભગ દરેક મિલમાં આ સ્થિતિ હતી. વસંતલાલ ગુરુ રાજપુરમાં રહે. રાજપુરમાં ઘણી બધી મિલોના પ્રતિનિધિઓ રહે, પોતે ગાંધીવાદી પ્રતિનિધિ નહીં તોય ઝભ્ભો લેંઘો પહેરે. માસ્ડર્ન મિલમાં થ્રોસલખાતાના બે પ્રતિનિધિ ચૂંટાવા માટે સામે સામે આવી ગયા. એક બીજાની ભૂલ શોધે. એક પ્રતિનિધિએ પેંતરો રચ્યો કે સામેવાળા પ્રતિનિધિને દારૂ પીવડાવવો અને જાહેર કરવો. જેથી ચૂંટણીમાં ઊભો રહી શકે નહીં. બસ એણે મહોબતખાન ગુંડાને સોપારી આપી. પેલાને દારૂ પીવડાવવો અને પ્રતિનિધિની ઓળખને બદલે વસંતલાલને દેખાડ્યા. પેલાએ દારૂ પીવડાવવાની જગ્યા પણ નક્કી કરી નાખી. અબુકસાઈની ધાબાવાળી ચાલીની મહાજનની ચાની હોટલ. વસંતલાલ અને કેટલાક મિત્રો જમ્યા પછી આ હોટલમાં બેસે. મોડે સુધી ચર્ચાઓ કરે. એક દિવસ મુ. વસંતલાલ અને મિત્રો ચર્ચા કરતા બેઠા હતા. ત્યાં મહોબત ખાન આવ્યો. ગુરુની

પાસે બેઠો, ખાલી ગ્લાસ મંગાવી ખિસ્સામાં રહેલી દારૂની બાટલી કાઢી ગ્લાસમાં રેડી ગુરુને કહેવા લાગ્યોઃ 'પીઓ'. ગુરુએ કહ્યું 'હું પીતો નથી.' પેલો કહે 'પીના પડેગા' અને ખિસ્સામાંથી રામપુરી ચાકુ કાઢી ટેબલ પર મૂક્યું. ગુરુ પીવે નહીં, પેલો જાય નહીં. સાથે બેઠેલા બધા જતા રહ્યા. મહારાજ, ગુંડો અને ગુરુ રહ્યા. આખરે રાતે અગિયાર વાગે ગુરુએ બે ઘૂંટ દારૂ પીધો. આખા રાજપુરમાં પેલા પ્રતિનિધિને બદલે ગુરુની વાત ફેલાઈ. ત્યારે એમણે સંકલ્પ કર્યો, ગમે તેવી સ્થિતિ ઊભી થાય, મનોબળ નબળું ન પડવા દેવું અને પછી પ્રવાસ, વૈચારિક સભાઓનું આયોજન થવા લાગ્યું. આ સમયમાં જ ખાડાવાળી ચાલીમાં પણ 'વિચાર વિનિમય સભા' સ્થપાઈ.

મેં અગાઉ કહ્યું એમ ગુંડાઓનું વર્ચસ્ જામતું જતું. રમેશભાઈની ચાલીના કાલિદાસ માસ્તર, થ્રોસલ ખાતાના માસ્તર હતા. લાલ મિલમાં છેલ્લી પાળીમાં નોકરી કરતા હતા. એમને ગુંડાઓની ધમકી મળી : 'પૈસે દો, નહીં તો હાથ પૈર તોડ દેંગે' બસ અહીં વસંતલાલ પ્રેરિત મક્કમ મનોબળ અને દંડાવાળી કરવા ૧૯૫૫માં દંડા દળ સ્થપાયું. ધમકી મળી એની સવારે દંડા દળવાળા પહેલા મિલને ઝાંપેથી ગફાર હાજીની ચાલી અને ગંજીફરાક મિલના કોટ પાસે સંતાઈ ઊભા રહેતા. એક દિવસ ચાર પાંચ ગુંડા પૈસા લેવા આવ્યા. તો દંડા દળવાળા તૂટી પડ્યા. ગુંડાઓ ઉપર... નાસભાગ મચી, આખા વિસ્તારમાં વાત ફેલાઈ. ખાડાવાળા ચાલીવાળાઓએ અમીન દાદા, ચોકડીદાદા અને બીજાઓની ધોલાઈ કરી છે. તે ધોલાઈ કરનારા હતા : રમેશભાઈ, કેશવભાઈ, ઈશ્વર લીંબોલા, અમરસિંહ મહિડા, કાંતિલાલ સોલંકી.

આખા વિસ્તારમાં તેમની વાહવાહ થઈ. એના અઠવાડિયા-પંદર દિવસમાં અમીનખાને નવા આવેલા સબ ઈન્સ્પેક્ટર બારોટ ઉપર રામપુરી ચાકુથી હુમલો કર્યો. એટલે એન્કાઉન્ટરમાં બારોટે પેલાને પાડી દીધો. એની લાશ જોવા, કાઠિયાવાડીઓની ચાલી અને લાલમિલના કોટ પાસે આવેલા ડબ્બા જાજરૂ પાસે અમે ગયેલા. ત્યારથી ધમકીવાળાનો ત્રાસ ઓછો થઈ ગયો. વ્યાજખોર પઠાણનો ત્રાસ ચાલુ રહ્યો હતો.

તેઓએ 'કબાટ પુસ્તકાલય' ૧૯૫૭ સુધી ચલાવ્યું. ચલાવ્યું એટલે તેમનો પુસ્તક વાંચીને સાહિત્ય તરફ ઝોક હોય જ ! ૧૯૬૦-૬૧માં ગણપતભાઈ રૂપાલા એક માસિક પત્રિકા પ્રકાશિત કરતા હતા. તેના તંત્રી પ્રો. ઈશ્વરભાઈ પરમાર અને સંપાદક મંડળમાં રમેશચંદ્ર પરમાર, દિનેશચંદ્ર ચાવડા અને બીજા બે વ્યક્તિ હતા.

૧૯૭૨માં પેન્થર ચળવળ અને મુંબઈ-મહારાષ્ટ્રથી રાજા ઢાલે, માઈસાહેબ આંબેડકર વગેરેના આગમનથી અને મહારાષ્ટ્રમાં ચાલતા દલિત સાહિત્યના પ્રકાશનની વાતોથી અહીંના દલિતો પ્રભાવિત થયા. પરિણામે ૧૯૭૪માં 'આર્તનાદ' નામની માસિક પત્રિકા, જેના તંત્રી હતા કૉમરેડ રેવંનદાસ મેકવાન અને સહાયક ડૉ. લોધા. સંવાહક હતા જેઠાલાલ જાદવ. જેઠાલાલ જાદવને નોકરીમાં કંઈક અડચણ આવતાં આ માસિક પત્રિકા રમેશચંદ્ર પરમારને ચલાવવા સોંપી. તે વખતે રમેશચંદ્ર પરમાર ખાડાવાળી ચાલી છોડી પટેલ પરમાનંદની ચાલીમાં રહેતા હતા. આ ચાલીમાં પહેલાં સમાજવાદી પાર્ટીની ઓફિસ હતી. તેનો વહીવટ રામપ્યારે શર્મા કરતા. અહીંના ઘણા ખરા દલિતો આ ઓફિસે બેસવા આવતા, ચર્ચાઓ થતી. રમેશચંદ્ર પરમાર પણ તેમાં આવતા અને ત્યારથી એ ડૉ. રામ મનોહર લોહિયા તરફ આકર્ષાયા. અહીં ગંજીફરાક મિલની ચાલીના ખૂણે એક નામ વગરની હોટલ. તેમાં ઘણા દલિત વિચારક ભેગા થતા. સાહિત્યની ગરમાગરમ ચર્ચાઓ થતી. રમેશચંદ્ર પાસે 'આર્તનાદ' પ્રકાશન કરવાનું કામ આવ્યું. તેમાં તેમણે એક અંકમાં પત્રિકાના અંદરના પાને 'દલિત કવિતા કોર્નર' નામે વિભાગ ચાલુ કર્યો અને પ્રથમ કવિતા, કવિ મનસુખ વાઘેલાની છાપી ! પછીના અંકમાં 'વ્યથા' નામે મારી કવિતા છાપી. કવિતા હતી : 'હુંય થાક્યો છું આ પરકિયા સંસ્કૃતિમાં જન્મ લઈને' અને આમ પ્રથમવાર દલિત કવિતાના નામે દલિત સાહિત્યનું નામકરણ થયું!

આમ તો દલિતો વિશેની કવિતાઓ, વાર્તાઓ, લેખો, લોક ઢાળના ગીતો વગેરે દલિત સાહિત્ય નામ વિના પ્રકાશિત થતાં હતાં. ૧૯૫૬માં ડૉ. બાબાસાહેબના નિર્વાણ વખતે ઘણાં દલિતોએ કવિતાઓ લખી. બાબાસાહેબ સંદર્ભે કવિતાઓ લખવા માટે હરીફાઈ પણ યોજાઈ અને તે કવિતાઓ 'અંજલિ' નામે સંગૃહિત પણ કરવામાં આવી. 'ધારા'માં ૧૯૭૨માં બાલકૃષ્ણ આનંદની, મંગળ રાઠોડની 'દલિતબંધુ'માં અને હિંમતસિંહ વાઘેલાની કવિતાઓ પ્રકાશિત થયેલ. મને યાદ આવે છે, છોટાભાઈ હરખાભાઈ સોલંકી, ટેકરાવાળા ચાલી, નરોડા, અમદાવાદ એમણે ૧૯૫૧માં 'પૈગામ' નામે કવિતા (ગીત)નો સંગ્રહ પ્રકાશિત કરેલો. તેની પ્રસ્તાવનામાં તેમણે નોંધ કરેલી કે આ 'દલિત ગીતો'નો સંગ્રહ છે. ઉપરાંત 'ટંકાર', 'તમન્ના', 'અભ્યુદય', 'ગરુડ' વગેરેમાં પણ કવિતાઓ પ્રકાશિત થતી હતી. 'આર્તનાદ' ત્રણેક અંક પછી જેઠાલાલને પાછું સોંપાયું, બંધ પડ્યું. પછી ૧૯૮૧માં 'જંગ' નામે અવતરેલું.

૧૯૭૫માં 'પેન્થર' નામે માસિક પત્રિકા શરૂ થઈ. જેના સંપાદક હતા રમેશચંદ્ર પરમાર. જ્યારે તંત્રી હતા નારણ વોરા. ત્રણેક વર્ષ ચાલેલા આ માસિક 'પેન્થર'માં વાર્તા, કવિતા, એકાંકી, નાટક, લેખો અને દલિતોના સમાચાર છાપાતા. આ પત્ર બંધ થતાં 'પેન્થર ન્યૂઝ' નામનું માસિક શરૂ થયેલું.

દરમિયાન અમે બે-ત્રણ મિત્રોએ મળી એક દલિત કવિતાનું ઋતુપત્ર પ્રકાશિત કરવાનું વિચાર્યું. નામ આપ્યું 'આક્રોશ'. ઋતુપત્રની કવિતાઓ છપાઈ ને તૈયાર, ટાઈટલના ચાર પાના બાકી. તંત્રી કોણ થાય ? પડી તકરાર. પ્રશ્ન ગૂંચવાયો. થોડી સરકારની બીક પણ ખરી. હું રમેશભાઈને મળ્યો અને તંત્રી બનવા વિનંતી કરી. એમણે 'પેન્થર'ના મુખપત્ર તરીકે ઋતુપત્ર પ્રકાશિત થાય એ શરતે તંત્રી બનવા તૈયારી બતાવી. અમે ચાર જણા (નીરવ પટેલ, દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી, યોગેશ દવે) સંપાદક થયા. 'આક્રોશ'ના પ્રકાશને સાહિત્ય જગતમાં ખાસ્સી ઉથલપાથલ મચાવી. જાણે ધડાકો થયો. ભાનુભાઈ અધ્વર્યુ, શેખાદમ આબુવાલા, રઘુવીર ચૌધરી, અશોક હર્ષ વગેરેએ આ પ્રયાસને વખાણેલો. મુ. ભાનુભાઈએ તો 'આક્રોશ'ને 'રૂદ્ર વીણાનો પ્રથમ ઝંકાર' કહી બિરદાવેલો.

'આક્રોશ' સાથે ૧૯૭૯ ડિસેમ્બરમાં 'કાળોસૂરજ' નામે ઋતુપત્ર શરૂ થયું. તેના ચૌદ અંક થયા. 'આક્રોશ'ના ત્રણ અંક થયા. એમાંના ત્રીજા અંકને સરકારે 'બાન' કરેલો. કવિઓ પર કેસ થયેલા. એમાંના એક કવિ (નીરવ પટેલ) અહીં હાજર છે. હું 'કાળોસૂરજ' માટે પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવી આવેલો !

રમેશભાઈ પરમાર છૂપા કવિ હતા. એક બે કવિતાઓ તો મેં વાંચેલી. ઉપરાંત ઉત્તમ વક્તા હતા. એમણે ૧૯૭૪માં એક સંકલ્પ કરેલો કે જીવન દરમિયાન સો જેટલાં પુસ્તક-પુસ્તિકાઓ પ્રગટ કરવાં, પરંતુ તે આંક છેંતાલીસ સુધી પહોંચી શક્યો, તેમાં કોણ જવાબદાર છે તે કહેવું અઘરું છે. એટલું તો સાચું કે તેમાં તેઓ જવાબદાર નહોતા. એમણે અહેવાલ

કથાઓ, મૌલિક વિચારના લેખો અંગેના પુસ્તકો, ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ડૉ. રામ મનોહર લોહિયાના જીવન અંગેના પુસ્તકો, તેમના વિશે લખાયેલ પુસ્તકોના અનુવાદ, જીવન ચરિત્ર, સંપાદન વગેરે અઢળક સાહિત્ય સમાજને આપ્યું છે. આટલા બધા પુસ્તકો આપનાર અને સમાજ સેવા કરનાર વ્યક્તિના જીવન કવન વિશે કોઈ પીએચ.ડી. થયાનું મારી જાણમાં નથી. અને ન થયા હોય તો આ વિષયને અંગે કામગીરી કરવી જોઈએ એમ માનું છું. એમાં ભલે ગુજરાતી ભાષા સાહિત્ય, સમાજવિદ્યા કે રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થી આ અંગે વિચારણા કરે.

ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી દલિત સાહિત્યના એમના પ્રદાન વિશે વાત કરીએ તો રાજી થવાય એટલું અઢળક સાહિત્ય એમણે આપ્યું છે. સૌ પ્રથમ તો હું એમની અહેવાલ કથાઓ- કે રિપોર્ટ કથાઓ વિશે વાત કરીશ. એમણે આ પ્રકારની અત્યાચાર અહેવાલ કથાઓની શરૂઆત કરી એમ કહીએ તો ખોટું નથી : 'જાવું કિયે મલક', 'અબકા હોયે' દેહુલીનો દલિત સંહાર હત્યાકાંડ, 'ભાલ ને ભાલે કાળી ટીલી' ગોલાણામાં થયેલ ચાર ચાર હત્યાઓનો અહેવાલ, 'કલંકિત કુમ્હેર' અને 'અગ્નિ ગર્ભ વાલિયા'.

આ કથાઓનો એવો પ્રભાવ પડ્યો કે ત્યારબાદ 'ભાલના ભોમ ભીતર' (જોસેફ મેકવાન), 'સાંબરડાથી સ્વમાનનગર' (હર્ષદ દેસાઈ, ચંદુ મહેરિયા), 'જલતું જેતપુર' (વાલજીભાઈ પટેલ) અને બીજા કેટલાય લોકોએ આવી અત્યાચાર કથાઓ લખી. એમણે 'અંજલિ' સંપાદન કાવ્યસંગ્રહ, 'બર્નિંગ ફ્રોમ બોથ ધ એન્ડ' (નીરવ પટેલ), 'શ્રમિક કવિતા' જેવા કાવ્યસંગ્રહો સંપાદિત કરી પ્રકાશિત કર્યા.

મજાની વાત તો એ છે કે તેઓ બાબાસાહેબના પૂર્ણ ચાહક હતા. છતાં ડૉ. રામ મનોહર લોહિયા અને તેમના સમાજવાદી વિચારો તરફ પક્ષપાત હતો. એટલે તો તેમણે મોટી ઉંમરે ગુજરાત યુનિવર્સિટીમાંથી 'રાષ્ટ્રવાદ, સમાજવાદ અને ડૉ. રામ મનોહર લોહિયા : એક ઐતિહાસિક અધ્યયન' વિષય પર મહાનિબંધ લખી પી.એચડી.ની પદવી પ્રાપ્ત કરેલી! ડૉ. બાબાસાહેબ અને ડૉ. લોહિયાનો સમન્વય કરવો એ અનોખી ઘટના છે. એમણે (૧) લોકપુરુષ ડૉ. રામ મનોહર લોહિયા, (૨) સમતા પુરુષ ડૉ. રામ મનોહર લોહિયા, (૩) શ્રદ્ધા પુરુષ ડૉ. રામ મનોહર લોહિયા, (૪) હિન્દુઓમાં ઉદારવાદ વિરુદ્ધ કટ્ટરવાદનો સંઘર્ષ, (૫) ભારતના ભાગલાના ગુનેગારો, (૬) સમાજવાદનું સગુણરૂપ ઉપરાંત ડૉ. બાબાસાહેબ વિશે (૧) ગાંધી-આંબેડકર સંઘર્ષ (૨) વિદ્યાપુરુષ ડૉ. આંબેડકર, (૩) મહામાનવ ડૉ. આંબેડકર (૪) સંઘર્ષવીર ડૉ. આંબેડકર (૫) બાબાસાહેબ આંબેડકર અને બાળકો માટે ખાસ પુસ્તક લખેલું, સમાજ સુધારક ડૉ. બાબાસાહેબ આંબેડકર. એમણે બે નાટકોના અનુવાદ કરેલા. (૧) ભગવાન હાજિર હો, (૨) શાન્તતા કોર્ટ ચાલુ આહે. અનુવાદ (૧)પથ અને પથિક (૨) સપ્તક્રાંતિ (૩) લોહિયા પંચનો અહેવાલ.

આટઆટલું દલિત સાહિત્યમાં અને સમાજ માટે કામ કરેલું હોવા છતાં દલિત સાહિત્ય જગતમાં તેમની ખાસ નોંધ લેવામાં આવતી નથી. (તેમાં હું પણ બાદ નથી) તેનો ખેદ વ્યક્ત કરીને ડૉ. રમેશચંદ્ર પરમારને તેમના નિર્વાણના બીજે વર્ષે યાદ કરું છું. શ્રદ્ધાપૂર્વક.

**(અમદાવાદ ખાતે ડૉ. રમેશચંદ્ર પરમારની બીજી વરસીએ સ્મૃતિ સભામાં આપેલું વ્યાખ્યાન, તા. ૧૬-૯-૧૮)**

## જય ભીમ ડોનર્સ ક્લબ

'જય ભીમ ડોનર્સ ક્લબ' છેલ્લા સાડા ત્રણ વર્ષથી ગુજરાતભરમાં આર્થિક અને સામાજિક રીતે અત્યંત પછાત વર્ગના તથા શિક્ષણ મેળવવાની ખેવના ધરાવતા વિધાર્થીમિત્રોને આર્થિક સહાય કરી રહ્યું છે.જે બાળકો નબળી આર્થિક પરિસ્થિતિના કારણે પોતાની શૈક્ષણિક તથા રમતગમત ક્ષેત્રે કારકિર્દી બનાવવામાં અક્ષમતા અનુભવતા હોય છે તે બાળક અને તેના પરિવાર માટે 'જય ભીમ ડોનર્સ ક્લબ' પોતાની સામાજિક જવાબદારી સમજી આજે સમગ્ર ગુજરાતમાં આગળ આવી રહ્યું છે અને આ ક્લબ સમગ્ર ગુજરાતમાં ઘણાબધા વિદ્યાર્થીઓને આર્થિક-માનસિક સહયોગ આપી, તેમની ઉજળી કારકિર્દી બનાવવામાં મદદરૂપ થઈ ચુકી છે.

'જય ભીમ ડોનર્સ ક્લબ' અત્યાર સુધીમાં વોટ્સએપમાં ૩૫૦ સભ્યો અને ફેસબૂકમાં ૧૭૦૦ એમ કુલ આશરે ૨૧૦૦ સભ્યોનો પરિવાર બની ચુકેલ છે.

તાજેતરમાં દિલ્હી ખાતે ડો.બી.આર.આંબેડકર સ્પોર્ટ્સ ફાઉન્ડેશન દ્વારા આયોજિત એવોર્ડ સમારંભમાં સોશિયલ વર્ક એન.જી.ઓ કેટેગરીમાં આ સંસ્થાને 'ડો.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય પુરસ્કાર ૨૦૧૮' દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે .એવોર્ડ નોમિનેશન માટે એન.જી.ઓ કેટેગરીમાં સમગ્ર દેશભરમાંથી ઘણીબધી સંસ્થાઓ વચ્ચે જેબીડીસી ને તેમના બિલકુલ નવીન વિચાર બદલ અને સામાજિક કાર્યશૈલીમાં એક નવું આયામ જોડવા બદલ આ એવોર્ડથી સમ્માનિત કરવામાં આવેલ.જેનાથી સમગ્ર સંસ્થાના સભ્યો ગૌરવાન્વિત છે અને આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતભરમાં સામાજિક-આર્થિક પછાત વર્ગના કુટુંબોના બાળકોની કારકિર્દી ઘડતર માટે આર્થિક મદદ કરવા વધુ કટિબદ્ધ બન્યા છે.જેબીડીસી અંગે વધુ વિગત જેબીડીસીના ફેસબુક પેજ પરથી મળી શકશે.

## લિખિતંગ

માહિતી અને પ્રસારણ મંત્રાલયે 'દલિત' શબ્દને બદલે 'SC' વાપરવાની સલાહ આપી છે. બીજા બહારના માને કે ન માને પણ આકાશવાણી અને દૂરદર્શન પર તો એની શરૂઆત થઈ જશે. એ જ રીતે રીપબ્લિક ટીવી અને બીજી એવી ચૅનલો પણ ''દલિત'' શબ્દ વાપરવાનું બંધ કરશે. એક તો, એસ.સી. પોતે જાત નથી પણ અનેક જાતિઓના સમૂહનું ટેકનિકલ નામ છે. શિડ્યૂલ્ડ કાસ્ટ્સ છે. એનો અર્થ એટલો જ કે બંધારણના શિડ્યૂલમાં હોય તેવી જાતિ. આ તો લિસ્ટ છે, ઓળખાણ નહીં. આ બાબતમાં કંઈક કરવું જોઈએ.

**દીપક ધોળકિયા, નવી દિલ્હી**

આપણે વાત થઈ હતી તે મુજબ રાજ્યમાં આટલા દલિત આંદોલન થઈ રહ્યા છે તે વાત જ જોરદાર છે. તે આપણી પીડા અને લડવાની ચેતના બંને દેખાડે છે ને સાથોસાથ એ વાતનો વસવસો પણ આપે છે કે સાથે નથી આવી શકતા આ તમામ આંદોલનો. 'દલિત અધિકાર'માં પ્રકટ આ આર્ટિકલ ને ફેસબુક અને વોટ્સઅપમાં કઇ રીતે શેર કરાય એ પણ જોવું જોઈએ કેમકે એકવાર એ કરતાં ફાવે તો દર અંકમાંથી અમુક પીસ રમતા કરી શકીએ.

આશા અમર છે..લડેગે, જીતેગે.

**જિજ્ઞેશ મેવાણી, અમદાવાદ**

# દલિતો-આદિવાસીઓના વિકાસ માટેના કરોડો રૂપિયા સરકારી જાહેરખબરોમાં અને અન્યત્ર ખર્ચાય છે

**પ્રસંગવશ**

**સંજય શ્રીપાદ ભાવે**

'નૅશનલ કમિશન ફૉર સફાઈ કર્મચારીઝ'ના તાજેતરના અહેવાલ મુજબ ભારતમાં પહેલી જાન્યુઆરીથી દર પાંચ દિવસે એક સફાઈ કામદારનું ગટરમાં કામ દરમિયાન મોત નીપજ્યું છે. તેમાંથી છ મોત તો ગયાં એક જ અઠવાડિયા દરમિયાન દિલ્હીમાં નોંધાયાં છે. મોતનો આંકડો ઘણો વધારે હોવાની શક્યતા, સરકારે કાનૂની રાહે નીમેલાં કમિશને વ્યક્ત કરી છે. ગયાં પચીસ વર્ષ દરમિયાન તામિલનાડુમાં ૧૯૪, ગુજરાતમાં ૧૨૨, કર્ણાટકમાં ૬૮ અને ઉત્તર પ્રદેશમાં ૫૧ સફાઈ કામદારોનાં ફરજ દરમિયાન મોત થયા હોવાનું કમિશને નોંધ્યું છે.

દલિત વર્ગના સફાઈ કામદારો આ રીતે મોતને ભેટે છે, તો દેશના આદિવાસીઓ, બિનઆદિવાસી લોકો કરતાં ત્રણ વર્ષ ઓછું જીવે છે. આ માહિતી કેન્દ્રનાં 'આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય' તેમ જ 'આદિવાસી વિકાસ મંત્રાલય'ના તાજેતરના અહેવાલોમાંથી મળે છે. નિષ્ણાતોની સમિતિએ આપેલા અહેવાલમાં દેશના આદિવાસીઓનાં આરોગ્યની હાલત અંગે આ મુજબનાં નિરીક્ષણો છેઃ ઊંચું કુપોષણ,નીચું રસીકરણ, જન્મ વખતે ખૂબ ઓછાં વજનવાળાં બાળકોની મોટી સંખ્યા, મેલેરિયા,ટ્યુબરક્યુલોસિસ અને રક્તપિત્તનું ઊંચું પ્રમાણ. અન્ન, વસ્ત્ર, રહેઠાણ, સ્વાસ્થ્ય સેવાઓ, શિક્ષણ જેવી પાયાની જરૂરિયાતોને અભાવે આદિવાસીઓ અને દલિત નાગરિકોની જે દુર્દશા થાય છે તેના દર્દનાક કિસ્સા માધ્યમોમાંથી સતત મળતા રહે છે.

આ દુર્દશાનું એક મોટું કારણ એટલે દેશનાં અર્થતંત્રમાં તેમના માટે પૂરતાં નાણાં ફાળવવામાં આવતાં નથી, અથવા તો એ નાણાં યોગ્ય રીતે વપરાતાં નથી. ખરેખર તો ભારત સરકારે દલિત અને આદિવાસી સમૂહો અન્ય વર્ગોની હરોળમાં આવી શકે તે માટે એક ખૂબ મહત્વનું પગલું લીધું હતું. તેણે આ વર્ગો માટે નાણાં ફાળવણી અને વિવિધ કલ્યાણ કાર્યક્રમો માટે બે યોજનાઓ બનાવી છે. એક, ૧૯૭૫-૭૬માં આદિજાતિ વિકાસ પેટા યોજના(ટ્રાઈબલ સબ પ્લાન); અને બે,૧૯૭૯-૮૦માં અનુસૂચિત જાતિ પેટા યોજના(શેડ્યુલ્ડ કાસ્ટસ સબ પ્લાન જે પહેલાં અનુસૂચિત જાતિ માટેની ખાસ અંગભૂત યોજના અથવા શેડ્યુલ્ડ કાસ્ટ સ્પેશ્યલ કમ્પોનન્ટ પ્લાન તરીકે ઓળખાતી હતી). આ બંનેને ટૂંકમાં ટી.એસ.પી. અને એસ.સી.એસ.પી. કહેવામાં આવે છે. આ યોજનાઓ હેઠળ ફાળવવામાં આવેલાં નાણાં, સરકારનાં વિવિધ ખાતાંઓ પૂરતાં પ્રમાણમાં ઉપયોગમાં લેતા નથી હોતાં, અથવા તો મૂળ હેતુ સિવાયના કામોમાં વાપરે છે. આમ ન થાય તે માટે સંગઠનોએ કરેલી રજૂઆતો ધ્યાને ધરવામાં આવતી નથી. જેમ કે,ગયાં વર્ષે ઑક્ટોબરમાં જ્યારે મહારાષ્ટ્ર સરકારે ખેડૂતોની દેવામાફી માટે આદિવાસીઓ અને દલિતો માટેનાં નાણાંનો ઉપયોગ કરવાની જાહેરાત કરી ત્યારે અનેક સંગઠનોએ કરેલા વિરોધને નજરઅંદાજ કરવામાં આવ્યો.ગેરવપરાશનું પ્રમાણ એટલું બધું વધી ગયું કે સરકારો માટે યોગ્ય નાણાવપરાશ કરવાનું કાનૂની રાહે બંધનકર્તા બને તે માટે કાયદો ઘડવામાં આવે એવી માગણી ઊઠી. તેને પરિણામે આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તેલંગણામાં નાણાંના યોગ્ય ઉપયોગ અંગેનો કાયદો અસ્તિત્વમાં આવ્યો. તેને શેડ્યુલ્ડ કાસ્ટ્સ સબ-પ્લાન ઍન્ડ ટ્રાઇબલ સબ-પ્લાન(પ્લાનિંગ,અલૉકેશન એન્ડ યુટિલાઇઝેશન ઑફ ફાઇનાન્સિયલ રિસોર્સેસ) ઍક્ટ એટલે કે અનુસૂચિત જાતિ પેટા-યોજના અને આદિજાતિ પેટા-યોજના(નાણાંકીય સાધનોનાં આયોજન, ફાળવણી અને ઉપયોગ) કાયદા તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાતમાં વિરોધ પક્ષોએ આ કાયદો બનાવવા માટેનું વિધેયક ચૌદમી વિધાનસભાના બજેટ સત્રમાં એટલે કે માર્ચ ૨૦૧૮માં દાખલ કર્યું છે. તે સુરેન્દ્રનગર જિલ્લાના દસાડાની અનુ.જાતિની અનામત બેઠક પરથી ચૂંટાયેલા કોંગ્રેસના ધારાસભ્ય નૌશાદજી સોલંકીએ રજૂ કરેલું ખાનગી વિધેયક છે.તેના ટેકામાં શાસક પક્ષના દલિત અને આદિવાસી ધારાસભ્યો જોડાય તેવાં પ્રયત્નો સંગઠનો કરી રહ્યાં છે. તેમનું કહેવું છે કે પછાત, દલિત અને આદિવાસી વર્ગો માટેની ખાસ યોજનાઓ માટેના નાણાં રાજ્ય સરકાર અન્ય જગ્યાએ વાપરી રહી છે. 'કાઉન્સિલ ફૉર સોશ્યલ જસ્ટિસ'ના નેજા હેઠળ વંચિતો માટે વર્ષોથી લડતાં રહેલાં વાલજીભાઈ પટેલ નાણાંના ડાઇવર્ઝનના વિરોધમાં જુલાઈ ૨૦૧૪થી સરકાર સામે પુરાવા સાથે રજૂઆત કરતાં રહ્યા છે. તેમણે મોટા ભાગની વિગતો માહિતી અધિકારનો ઉપયોગ કરીને મેળવી છે.તેમણે અનુસૂચિત જાતિ/જનજાતિના નાણાંમાંથી ફંડ ડાઇવર્ઝનના આપેલાં કેટલાક દાખલા આ મુજબ છે : ડીસા જીઆઈડીસી માટે ૭૭.૩૭ લાખ રૂપિયાના ખર્ચે રોડ, નવ અંગ્રેજી પુસ્તકોની એક-એક હજાર નકલોનું પ્રકાશન ૫,૪૬,૬૨૦ રૂપિયા, ૧ જાન્યુઆરી ૨૦૧૫ થી ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૫ દરમિયાન કેટલાક સરકારી કર્મચારીઓનો નવ્વાણું લાખ રૂપિયા જેટલો પગાર, 'રોજગાર સમાચાર' અઠવાડિક અને 'ગુજરાત' પખવાડિકના કેટલાંક વર્ષોથી પ્રકાશનનો પોણા ચાર કરોડ રૂપિયા જેટલો ખર્ચ.

સરકારે પ્રચાર-પ્રસિદ્ધિ માટે પણ દલિત-આદિવાસી સમૂહ માટેનાં નાણાંમાંથી કેવી રીતે પૈસા વેર્યા છે તેની વિગતો પણ વાલજીભાઈ આપે છે. સરકારે એપ્રિલ ૨૦૧૭માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાતમાં જાહેરાત અને સ્વાગત ખર્ચ માટે સવા કરોડ વેડફ્યા હતા.ઇકોતેરમા સ્વાતંત્ર્ય પર્વની જાહેરાત ૧ કરોડ ૫૬ લાખ પચાસ હજારમાં પડી હતી. વર્ષ ૨૦૧૪ ના આરંભે સ્ટૅચ્યૂ ઑફ યુનિટી માટે લોખંડ ભેગું કરવાના અભિયાન માટેની ટેલિવિઝન જાહેરખબરો માટે રૂપિયા ૧ કરોડ ૪૬ લાખ વપરાયા.પાંચ કરોડના ખર્ચે 'લોકશાહીના ધબકારા', 'ગતિશીલ ગુજરાત','સૌનો સાથ સૌનો વિકાસ' અને 'સરકારની સિદ્ધિઓ' જેવી જાહેરખબરો ટેલિવિઝન પર આપવા માટે સરકારે પાંચ કરોડ ખર્ચ્યા. ગ્રામ સડક યોજના, દિવ્યાંગોના જીવનમાં ઉજાસ, યુવા વર્ગની પડખે સરકાર , મેગા જૉબ ફેર જેવી જાહેરખબરો ઉપરાંત જે અનેક જાહેર ખબરો માટે દલિત-આદિવાસીઓના વિકાસ માટેનાં નાણા સરકારે ખર્ચ્યાં તેની વિગતો 'કાઉન્સિલ ફૉર સોશ્યલ જસ્ટિસ' આપે છે.

એક બાજુ દલિત-આદિવાસીઓ માટેનાં નાણાંનો અન્ય ઉપયોગ થાય છે, તો બીજી બાજુ વસ્તીના પ્રમાણમાં તેમના માટે ઓછા નાણાં

ફાળવવામાં આવે છે. આ અંગે કૉમ્પ્ટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ (કૅગ) ગુજરાત સરકારનો કાન પકડી ચૂક્યું છે તે, ક્રિસ્ટોફ જેફ્રેલૉટ ગુજરાતમાં દલિત અત્યાચારો આંગેના એક લેખમાં યાદ કરાવે છે. અર્થશાસ્ત્રી હેમંતકુમાર શાહે 'સચ્ચાઈ ગુજરાતકી' નામના મહત્વના લેખસંગ્રહમાં પણ દલિત-આદિવાસી વર્ગો માટેની નાણાં-ફાળવણીમાંનાં છીંડાં બતાવ્યાં છે.આર્થિક બાબતોના વિશ્લેષક સુરજીત ભલ્લા નૅશનલ સૅમ્પલ સર્વેના અહેવાલોના આધારે દલિત અને આદિવાસીઓની બાબતમાં ગુજરાતનો દેખાવ સાવ સાધારણ રહ્યો છે એમ તારણ આપ્યું છે. વીતેલાં થોડાંક વર્ષોનાં અંદાજપત્રમાં આદિવાસીઓ અને દલિતો માટેના સબ-પ્લાનની છણાવટ કરીને કર્મશીલ અભ્યાસી માર્ટિન મૅકવાન નોંધે છે : 'સમાજે દલિત અને આદિવાસીઓને આરોગ્ય,શિક્ષણ અને સામાજિક ન્યાયની બાબતમાં સ્પષ્ટપણે છેટા રાખ્યા છે. તેમ છતાં સરકાર આ વર્ગો તરફ ધરાર બેદરકાર રહી છે.'

આ વખતનું વિધાનસભાનું માંડ બે દિવસનું વર્ષા સત્ર ધારાસભ્યોએ જંગી પગારવધારા થકી ચલાવેલી લોકોના નાણાંની લૂંટથી પૂરું થયું.તેમાં તમામ પક્ષોના ધારાસભ્યોની સંમતિ હતી. આવી સર્વસંમતિ દલિતો અને આદિવાસીઓ માટેની યોજનાઓના નાણાના યોગ્ય ઉપયોગ માટે કાનૂન બનાવવામાં થાય એવી આશા અસ્થાને ગણાય ખરી ?

# દલિત અસ્મિતાની ગર્જના 'કાલા'

**સમીક્ષા**

**મિહિર પંડ્યા**

નિર્દેશક પા.રંજીથની ફિલ્મ 'કાલા'એ રામકથાને વિપરીત કરી નાખી છે. અહીં રાવણ નાયક છે અને રામ ખલનાયક. આ સિનેમાના પડદે રજૂ થતી દલિત અસ્મિતાની ગર્જના છે. એવું નથી કે હિન્દી સિનેમાએ અત્યાર સુધી દલિતોના શોષણની વાર્તાઓ જોઈ જ નથી, કારણકે હિન્દી સિનેમામાં સિત્તેર અને એંશીના દાયકામાં, સમાંતર સિનેમાના આંદોલન દરમિયાન શ્યામ બેનેગલ, સઈદ અખ્તર મિર્ઝા અને દેશનાં અન્ય પ્રાદેશિક ફિલ્મમેકર્સની ફિલ્મ્સમાં વંચિતો અને દલિતોની કથા ભારતીય દર્શકોને જોવા મળી હતી. પરંતુ, તે સમાંતર સિનેમાની ભાષા મુખ્યધારાના સિનેમાથી અલગ હતી અને સામાન્ય દર્શકોથી પણ દૂર હતી. તમિલ સિનેમામાંથી આવેલી સુપરસ્ટાર રજનીકાંતની 'કાલા'ની સૌથી ખાસ વાત એ છે કે અહીં નિર્દેશક પા.રંજીથ દલિતોની વાત લોકપ્રિય સિનેમાની ભાષામાં રજૂ કરે છે. કંઈક આ જ પ્રકારનું કામ આ પહેલાં નિર્દેશક નાગરાજ મંજુલેએ તેમની અદ્ભુત મરાઠી ફિલ્મ 'સૈરાટ'માં કર્યું હતું.

'કાલા'માં ઇન્દ્રધનુષના રંગો છે અને સંગીત પણ છે, સુંદર પ્રેમ કહાની છે અને નાયકની મારધાડ પણ છે. ફિલ્મમાં સ્લો-મોશન અને સ્પેશિયલ ઈફેક્ટ્સ, ટેક્નિકનો યોગ્ય ઉપયોગ કરીને ડિઝાઈનર ફાઈટ સિક્વન્સની રચનાથી લઈને એનીમેશન સુધીનો ઉપયોગ અહીં જોવા મળે છે. સિનેમાની ભાષામાં 'કાલા' એક મસાલા ફિલ્મ છે કે જેમાં ભરપૂર સંયોગ અને મેલોડ્રામા છે. પ્રતિબિંબ એ જ છે પણ તેનો અર્થ વિપરીત છે, સંત કબીરની રચનાઓની માફક. આ ફિલ્મ લોકપ્રિય સિનેમા માટે જાણે કે એન્ટી-થિસિસ છે. ફિલ્મના વિસ્મયકારી અંતમાં જ્યાં એક બાજુ રામાયણની કથાનું વાચન ચાલી રહ્યું છે, જ્યારે બીજીબાજુ ધારાવી ઝૂંપડપટ્ટીના બહુજન મહાનાયક કાલા કરિકાલન (રજનીકાંત) જે રીતે કથાથી પર જઈને તે વૈચારિક યુદ્ધનું પ્રતીક બની જાય છે કે જે વર્તમાન શહેરી ભારતથી લઈને દંડકારણ્યના જંગલો સુધી જોવા મળી રહ્યું છે. એવું યુદ્ધ કે જે જમીનનાં કબજા માટે સવર્ણ રાજ્યસત્તા અને બહુજન સમાજની વચ્ચે લડાઈ રહ્યું છે. સવર્ણ કોર્પોરેટ સત્તા માટે આ જમીન તાકાત છે, બહુજન સમાજ માટે આ જમીન તેમનું જીવન છે. રામાયણમાં રજૂ થયેલા રાવણના દસ મસ્તિષ્ક અહીં બહુજન સામૂહિકતાનું પ્રતીક બની જાય છે, જો એક મસ્તિષ્ક કપાશે તો બીજું તરત જ ઊગી આવશે.

ફિલ્મનો નાયક કાલા કહે છે કે બહુજનનું અંતિમ હથિયાર એ તેઓનું શરીર છે. આખા શહેરનું રોજિંદુ ચક્કર એ માત્ર તેમની મહેનતના બળ પર ચાલે છે. અંતે, ધારાવીમાં રહેનાર તમામ માણસો પણ પોતે કાલા જ છે. અહીં વિલન 'ક્લીન કન્ટ્રી' અભિયાન ચલાવનાર અને 'ડિજિટલ મુંબઈ'નું સ્વપ્ન વેચનાર એક એવો રાષ્ટ્રવાદી રાજનેતા છે કે જેનો ચહેરો શહેરના લગભગ દરેક પોસ્ટર્સ પર જોવા મળે છે. કાલા પોતાનાથી નાનાં લોકોને પણ સામેથી હાથ લંબાવીને મળવા જાય છે અને સમાનતાનો સંબંધ કાયમ કરે છે, જ્યારે ફિલ્મમાં રાજનૈતિક પાર્ટીનો નેતા ચરણસ્પર્શની અસમાનતાની રૂઢિમાં બંધાયેલો છે અને તે એક એવાં ભારતની રચના કરવા માંગે છે કે જેમાં તમામ વિપક્ષીને રાષ્ટ્રની પ્રગતિમાં અવરોધ ઊભો કરનાર 'દેશદ્રોહી' ગણવામાં આવે છે. અહીં કાળો રંગ મહેનતના રંગ તરીકે દર્શાવવામાં આવ્યો છે. 'કાલા' આંબેડકરવાદી પ્રતીક અને ઓળખોથી ભરપૂર ફિલ્મ છે, ભીમા ચાલનું સરનામુંથી લઈને 'જય ભીમ'ના અભિવાદન સુધી, ભીમજીથી લઈને લેનિનના નામ સુધીનું યુવા પાત્ર કાલાની સાથે સંઘર્ષમાં સાથ આપતું જોવા મળે છે. ફિલ્મમાં નાયક કાલાનો સૌથી નાનો પુત્ર 'લેનિન' ફિલ્મનું સૌથી રસપ્રદ પાત્ર છે, તે ફિલ્મનો યુવા નાયક છે. દલિત સમાજની શિક્ષિત ચેતનવંતી નવી પેઢીનો પ્રતિનિધિ, અને હવે તે પોતાના અધિકારોને સંવૈધાનિક રીતે પ્રાપ્ત કરવા માંગે છે. લેનિન એ તેના પિતા કાલાનો વૈચારિક ઉત્તરાધિકારી છે. કાલા પોતે પણ દલિત અસ્મિતાનું જીવંત પ્રતીક છે, અને ફિલ્મના એક રોમાંચક એક્શન દશ્યમાં કાલા તેના હાથમાં રહેલી કાળી છત્રીને હથિયાર બનાવીને લડતો જોવા મળે છે કે જેનાથી તેની વર્ગીય ઓળખ પણ સ્પષ્ટ થાય છે કારણકે, અહીં કાળી છત્રી એ મુંબઈના મજૂર વર્ગનું સિનેમા સંલગ્ન પ્રતીક છે. કાલાનો રંગ જો વાદળી છે તો લેનિનનો પ્રતિનિધિ રંગ લાલ છે.

ફિલ્મમાં લેનિન નામનું યુવા પાત્ર પોતાની ઝૂંપડપટ્ટીની હાલત સુધારવા માંગે છે, પોતાનું નસીબ પણ બદલવા ઈચ્છે છે. પણ, તે સત્તા દ્વારા વેચાઈ રહેલ 'રિડેવલપમેન્ટ'ના પ્લાનની સાચી હકીકતને સમજી શકતો નથી. પણ, આ જમીન પર વર્ષોથી મહેનત અને સંઘર્ષ કરી રહેલ કાલા અને તેના સાથીઓએ આ સવર્ણ સત્તાના જૂઠા વાયદાઓને નજીકથી પારખી લીધા છે અને તેનો ભોગ પણ બન્યાં છે. અને તેઓ જાણે છે કે આ અમારી પંચોતેર એકરની જમીન પર ગોલ્ફ કોર્સ બનાવનાર 'મનુ બિલ્ડર્સ'ની યોજનાઓમાં તેમના જેવા લોકો માટે કોઈ જ સ્થાન નથી. રાજ્યસત્તા, અને તે દ્વારા વેચવામાં આવનાર 'વિકાસ'ના નારાઓમાં અસલી સવર્ણ ચહેરાઓ ધીરે-ધીરે ઓળખાવા લાગે છે અને અંતમાં કાલા જ યોગ્ય સાબિત થાય છે. ફિલ્મમાં એકબાજુ લેનિનને કાલાના મૌલિક વૈચારિક ઉત્તરાધિકારીના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવે છે, જ્યારે બીજીબાજુ આ અસમાનતાના સમાજમાં તેના શુદ્ધ ડાબેરી આદર્શો પર ઊભેલી વર્ગીય

સમજણની સીમાઓને પણ ચિહ્નિત કરે છે. સારું છે કે આ ફિલ્મ હિન્દી સિનેમામાં અગાઉ માર્ક્સવાદી લેખકો દ્વારા રચવામાં આવેલ એક ચોક્કસ પ્રકારની સમજણમાં બંધબેસતી નથી કે જેમાં અગાઉ જાતિની સમસ્યાને ક્લાસ પ્રોબ્લેમની એક બાય પ્રોડક્ટ તરીકે જોવામાં આવતી હતી.

ફિલ્મ 'કાલા' વૈચારિક સંપન્નતા પ્રાપ્ત કરેલ દલિત યુવાનનું ભવિષ્ય છે, વાદળી અને લાલ આ બંને રંગ તે વૈચારિક પડકારોનું પ્રતીક છે કે જેનાથી સવર્ણ-કોર્પોરેટ સત્તાને ઉખેડી ફેંકવાની વાત છે, અને 'કાલા' તેનું પ્રતીક છે. અહીં સહાનુભૂતિથી સ્વાનુભૂતિની વાત છે,અહીં 'દલિત નજર' છે, જે દેશનાં લોકપ્રિય સિનેમામાં હજુ સુધી અનુપસ્થિત છે.

**અનુવાદ – નિલય ભાવસાર**

# મૂળચંદ રાણા આર.એસ.એસ. વિશેના ભ્રમ નિરસન અંગે ફોડ પાડે

**ઉહાપોહ**

**પ્રેમજીભાઈ પરમાર**

રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘથી મૂળચંદ રાણાની ફારેગ થવાની ઘટના ગુજરાત અને ભારતના સમાજ જીવન, રાજકારણ અને અર્થકારણમાં વમળો પેદા કરવાની ક્ષમતા ના ધરાવતી હોવા છતાં આ બાબતે વ્યાપક ચર્ચા થવી અનિવાર્ય જણાય છે. આથી ચર્ચા કરતા પહેલા રાણાએ જિંદગીના મહામૂલા બૌદ્ધિક વર્ષો જેની સાથે પસાર કર્યા છે એવા રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના ચરિત્રને દલિત દષ્ટિકોણના સંદર્ભમાં જાણવા, સમજવા જરૂરી છે. રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ વિશ્વની એકમાત્ર એવી સંસ્થા છે, જેના વિચારો અને વ્યવહારોમાં આસમાન જમીનનો તફાવત છે. રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ એ હંમેશાં ગર્ભિત એજન્ડાઓને પાર પાડવા માટે રાષ્ટ્રના વિશાળ જનસમૂદાયને ગુમરાહ કરવાના કર્તવ્યને અગ્રીમ સ્થાન આપ્યું હોવાથી ભારતના અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્યપછાત વર્ગોના વિશાળ બહુજનસમુદાયના સંદર્ભમાં અને હિતમાં આર.એસ.એસ.ના ગર્ભિત અને કેટલાક જાહેર આચરણો સમજવા જરૂરી છે.

### ડૉ. આંબેડકરનું અવમૂલ્યન અને હિન્દુત્વકરણ

ભારતની સમાજ રચનામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર એવા સિતારા તરીકે દિવ્યમાન છે કે તેઓને કોઈપણ રીતે ભૂલાવી ના શકાય. આથી આર.એસ.એસ.ના પ્રશિક્ષિત કેડર દ્વારા ૬ (છઠ્ઠી) ડિસેમ્બર બાબાસાહેબની પૂણ્યતિથિ દિને આર.એસ.એસ. અને ભગિની સંસ્થાઓ પ્રેરિત કાર્યક્રમોમાં ડૉ. આંબેડકરની આરતી ઉતારવામાં આવે છે. હિન્દુધર્મ ત્યાગી જનાર બાબાસાહેબ આજે પણ હિન્દુ હોવાની ભ્રમણા પેદા કરી તેઓના હિન્દુત્વીકરણના પ્રયાસો થઈ રહ્યા છે. એજ રીતે આર.એસ.એસ.ના રોટલા ખાનાર કેટલાક લેખકો ડૉ. બાબાસાહેબ આંબેડકરને હિન્દુધર્મ સુધારક તરીકે નવાજી આર.એસ.એસ.ના સ્થાપક હેડગેવારની સમકક્ષ મૂકી, બાબાસાહેબનું નૈતિક અવમૂલ્યન કરી રહ્યા છે. ૬ ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે બાબરી મસ્જિદ ધ્વંસ કરાવી આ દિવસને ગૌરવ દિનમાં ખપાવવાની સાજિશ કરવામાં આવી છે. બાબાસાહેબની પુણ્યસ્મૃતિને લોકમાનસમાંથી નાબૂદ કરવાની આ બૌદ્ધિક બદમાશી છે.

### બંધારણનો અસ્વીકાર

રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના ગોલવલકર, દિનદયાળ ઉપાધ્યાય, સુદર્શન, મોહન ભાગવત અને બીજા સેંકડો પદાધિકારીઓ ડૉ. બાબાસાહેબ આંબેડકર રચિત બંધારણનો છેડેચોક વિરોધ કરી ચૂક્યા છે, વિરોધ કરી રહ્યા છે. સંઘ અને ભાજપના રાજકીય આશ્રિતો દ્વારા બંધારણ બાબાસાહેબે રચ્યું નથી તેવો અપપ્રચાર તમામ સૂત્રો દ્વારા કરાવાઈ રહ્યો છે. સંઘવાળાને મનુસ્મૃતિ અનુસારનું બંધારણ જોઈએ છે. ગોલવલકર કહી ગયા છે કે રાજસત્તા, ધર્મસત્તા, અનુસાર ચાલવી જોઈએ. ગોલવલકરના આ વિચારોના અમલ માટે વાજપાઈ સરકારે ભારતીય બંધારણ સમીક્ષા નામે રચેલા પંચ સામે પેદા થયેલા સાર્વજનિક વિરોધ અને પંચના પ્રતિકૂળ અભિપ્રાય બાદ બંધારણ સમીક્ષાનું કાર્ય મુલતવી રાખવામાં આવ્યું છે.

### અનામત નાબૂદી

રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પક્ષનો, ભારતમાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટેની શિક્ષણ અને નોકરીઓ માટેની અનામત નાબૂદી માટેનો, એજન્ડા જગ જાહેર છે. સંઘના પદાધિકારીઓ સમયાંતરે અનામતનો વિરોધ કરતા જ રહ્યા છે. અનામત પ્રથાની વિરુદ્ધમાં સેંકડો લેખો લખાવવામાં આવ્યા છે. આર.એસ.એસ.નું એક જ લક્ષ્ય છે : ભારતમાંથી એસ.સી., એસ.ટી. માટેની તમામ અનામતો નાબૂદ કરવી.

### ભ્રમણાઓનું સર્જન અને અપપ્રચાર

ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં ગોલવલકરે એક ખાસ વિકૃત પ્રથાનું સર્જન કર્યું. કોઈપણ નઠારી બાબત સાથે મહાપુરુષના સારા વિચારો જોડી તેને સારપમાં ખપાવી દેવી અને પોતાના દુષ્કૃત્યો અને નિમ્નતમ વિચારોને લોક કલ્યાણના નામે રજૂ કરવા. દા.ત. બ્રાહ્મણોના આધિપત્યવાળા હિન્દુ રાજની સ્થાપનાનો વિચારને રાષ્ટ્રવાદના નામે, સમાનતા, સ્વતંત્રતા, બંધુતાના સ્થાને સમરસતાના વાઘા પહેરવવાનું કૃત્ય. આ કળાના ભાગરૂપે ભારતનાં બંધારણમાં રાજકીય અનામતોનીમર્યાદા ૧૦ વર્ષની હતી તેના સ્થાને સમગ્ર અનામત પ્રથાની સમયમર્યાદા ૧૦ વર્ષની હતી તેવા તૂત આર.એસ.એસ. દ્વારા ચલાવાય છે. બાબાસાહેબને હિન્દુ સમાજ સુધારક તરીકે રજૂ કરી હિન્દુત્વીકરણ શરૂ કરાયું છે. ગૌતમબુદ્ધ, વિષ્ણુના દશમા અવતાર હોવાની ભ્રમણા ફેલાવવામાં આવી રહી છે. હિન્દુઓ ભયમાં છે. અમૂક વર્ષો પછી આજની લઘુમતીઓ બહુમતીમાં આવી જશે, આવી આધારહીન ભ્રમણાઓ ફેલાવવી એ આર.એસ.એસ.ની નીતિનો એક ભાગ છે.

### જાતિવાદની કટ્ટરતાની ધાર વધી

ભારતમાં વર્ણ અને જાતિની ખાઈઓ પ્રત્યેક ગામ, શહેર, નગરની વસ્તીમાં અલગ અલગ ભૌગોલિક વસવાટોમાં વહેંચાયેલી પ્રત્યેક જાતિઓ પોતપોતાના માળામાં જીવન જીવવા માટે ઝઝૂમતા હતા. ભારતીય રાજકારણમાં સત્તા સ્થાને કાયમ માટે બની રહેવા લઘુમતી દ્વેષ અને દલિત દ્વેષને જેટલો વધુ ભડકાવવામાં આવે તેટલા અન્ય પછાત જાતિઓના લોકો ભાજપ તરફી અને શાસક કોંગ્રેસ વિમુખ થાય એવા સુઆયોજિત નકશા મુજબ દલિતો પ્રત્યેના દ્વેષમાં વધારો અને પરિણામ સ્વરૂપ અત્યાચારોની માત્રા દિનપ્રતિદિન વધતી રહી છે. આર.એસ.એસ.ની આ દેન છે.

### વર્ણ અને જાતિપ્રથાને અનુમોદન

'બંચ ઓફ થ થોટસ' પુસ્તકના પ્રકરણ-પમાં એમ.એસ. ગોલવલકરે ચાર્તુવર્ણ્ય સમાજને જ ઈશ્વરની માન્યતા આપી વર્ણ પ્રથા અને જાતિપ્રથાનું વિકૃતિજનક સમર્થન કર્યું છે. એમના ચેલકાઓ જાતિપ્રથાના વિભાજનને વ્યવસ્થાના રૂપાળા નામથી હોંશે હોંશે પોંખી રહ્યા છે. આર.એસ.એસ.નો

અંતિમ એજન્ડા હિન્દુ રાજ્ય જ નો છે. જેના પાયામાં વર્ણ વ્યવસ્થા, જાતિ પ્રથા, જાતિભેદ, અસમાનતા, અત્યાચાર અને શોષણ ઘરબાયેલા છે. ખૂબ જ ઓછા શબ્દો અને ઓછામાં ઓછા મુદ્દાઓ દ્વારા આર.એસ.એસ.ના કાર્યોની ઝાંખી કરાવવામાં આવી. ગુજરાત અને ગુજરાત સિવાયના, બીજા પ્રાંતોમાંથી અનુસૂચિત જાતિના સારામાં સારુ અક્ષરજ્ઞાન (ડૉ. બાબાસાહેબ આંબેડકરના પુરુષાર્થથી પેદા થયેલી સમાનતા અને અનામતના કારણે) પામેલા જાહેર ક્ષેત્રની ગતિવિધિઓથી સતત વાકેફ એવા દલિતો રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘમાં જ્યારે જોડાયા છે, એમાં ઓતપ્રોત થયા છે, ત્યારે સંઘના ઉપર જણાવેલા ચરિત્રથી વાકેફ નથી હોતા? સંઘના વિચારો, કાર્ય પ્રણાલિકાની અને સંઘના હિન્દુ રાજ્યના એજન્ડાથી સુપરિચિત નહોતા ? રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં એવા કયા આકર્ષણો હતા જેનાથી ખેંચાઈને આ દલિતો, દલિતોના કથિત કલ્યાણ માટે સંઘમાં જોડાયા ? ડૉ. બાબાસાહેબ આંબેડકરે બંધારણીય રાહે અપનાવેલા સમાનતા, સ્વતંત્રતા, મુક્ત વિચારોની અભિવ્યક્તિના, શિક્ષણ મેળવવાના મૂળભૂત અધિકારો, રાજકીય, શિક્ષણ અને નોકરી અનામતો, બંધારણીય રાહે અસ્પૃશ્યતા નાબૂદીની તકો અને હક્કોથી વધારે આર.એસ.એસ.વાળા શું આપવાના હતા ?

૧૯૨૫થી ૨૦૧૮ દરમિયાન આર.એસ.એસ.એ દલિતોના કલ્યાણ માટે તેઓના વિકાસ માટે કયા કયા પગલાંઓ લીધા ? એવા કયા કાર્યક્રમો અપનાવ્યા જેનાથી દલિતોનો શૈક્ષણિક વિકાસ થયો ? એવા કયા પગલા હતા જેથી બિનદલિત સમાજે દલિતોને સામૂહિક કે આંશિક સ્વીકાર કરી સ્વમાં ઓતપ્રોત કરી લીધા ? ૧૯૨૫ થી ૨૦૧૮ સુધીમાં દલિતોના કલ્યાણ-વિકાસના નામે સંઘે કોઈ જ પગલું ભર્યું નથી. કોઈ યોજના વિચારો જાહેર કર્યા નથી. સંઘમાં બાબાસાહેબના સમયથી અનેક દલિતો સ્વસ્વાર્થે, પડી રહેવા છતાં તેઓનો કોઈ માનભર્યા હોદ્દા, સ્થાન આપવામાં નથી આવ્યા. આટલું જ નહી દલિત અત્યાચારના ગોઝારા બનાવો, રોજેરોજ બને છે, નોંધાય છે. આવા બનાવોમાં દલિતોના પક્ષકાર તરીકે તો નહી પરંતુ પીડિત દલિતોના હમદર્દ તરીકે ક્યારેય, એકપણ બનાવમાં સકારાત્મક ભૂમિકા આર.એસ.એસે. અદા કરી નથી. ગુજરાતના રણમલપુરા (૧૯૭૪) ગોલાણા (૧૯૮૫) થાનગઢ (૨૦૧૨) અને ઉના અત્યાચાર કાંડ (૨૦૧૬)માં પીડિતોની પડખે ઉભા રહેવાનું, ખબર પૂછવાનું સૌજન્ય સંઘે દાખવ્યું નથી. પરંતુ ગોલાણા હત્યાકાંડ બાદ પેદા થયેલા દલિત આક્રોશને નામશેષ કરવા ખેડા જિલ્લામાં 'ખેડા હિન્દુ વણકર ભજન મંડળ સંમેલન' બોલાવી તારીખ ૨૮-૨-૧૮ના રોજ વણકરો અને ખ્રિસ્તીઓને અલગ કરવાનો પ્રયાસ કર્યો છે. પ્રવીણ તોગડિયાએ ઉના અત્યાચાર કાંડ બાદ સમરસતા સંમેલનો યોજીને દલિત એકતા તોડવાના કરેલા નિંદનીય પ્રયાસો હજુ નજર સામે જ છે.

**મૂળચંદ રાણા જણાવશે ?**

મૂળચંદ રાણાએ એક બેંક અધિકારી તરીકે, એક જાગૃત નાગરિક તરીકે, સંઘમાં એવું શું વિશિષ્ટ હતું, જેના માટે હવે જે તમને ક્યારેય પ્રાપ્ય નથી એવા જીવનના કિંમતી મહામૂલા વર્ષો વેડફી માર્યા. ડૉ. બાબાસાહેબ રચિત બંધારણીય અધિકારો, શિક્ષણ, અનામત, સમાનતા સ્વતંત્રતા આ બધાથી પર વિશેષ સંઘ શું આપી શકે તેમ હતું? 'સમાજમિત્ર' ફેબ્રુઆરી-૧૮ના અંકમાં પ્રસિદ્ધ વિગતો અનુસાર, 'દલિતોના પ્રશ્ને ખુલીને બોલવામાં હવે મારે કોઈની મર્યાદા જાળવવાની રહેતી નથી.' મતલબ, દલિત અત્યાચારની ઘટનાઓમાં સંઘની મર્યાદામાં રહી, આપ સત્યને ગળેટૂંપો દઈ રહ્યા હતા ? હવે શું ? સંઘમાંથી ફારેગ થવાથી દલિત સમાજને કોઈ જ ફાયદો નથી. તમે આવો ના આવો આ સમાજ આંબેડકર, કાંશીરામ અને માયાવાતી જેવા સૂર્યપૂંજના સહારે આજીવન સંઘર્ષ કરતો રહેશે. પરંતુ જો ખરેખર આપને સંઘથી ભ્રમ નિરસન થયું હોય, પશ્ચાતાપ થયો હોય તો, સંઘ જીવનના તમારા અનુભવો, સંઘીઓએ આચરેલા દમનપીડનની સત્ય ઘટનાઓને અક્ષરદેહ આપી, સમાજમાંથી બીજા સદ્કર્મીઓને સંઘમાં જતા અટકાવવા, પથદર્શક બનો. સાથે સાથે આપે સંઘમાં જવાની કરેલ ભૂલનું પ્રાયશ્ચિત, હાલ સંઘમાં કાર્યરિત માર્ગ ભૂલેલા દલિતોને પૂનઃ સન્માર્ગે વાળીને કરો.

## ઈચ્છાનો દરિયો

તે એક ભ્રમણા જ હતી
મનમોહક
પરપોટાથી વિશેષ કશું નહોતું તેમાં
તેનો પણ આભાર
વેળાસર ફૂટવા માટે
ચંચળ મન
તેય પાછું કવિનું
લઈ ગયું હતું મને ત્યાં
જોકે આવી ગયો છું સુરક્ષિત
વાસ્તવિકતાની મારી હોડી પર
જો તે સરકી ગઈ હોત
દૂર મારાથી
પવનના વેગને કારણે
તો આ કહેવાનો મોકો
ન હોત મારી પાસે
અત્યારે પણ
આવા કૈંક પરપોટા
તરતા રહેવા માગે છે
મારી ઈચ્છાના દરિયામાં
મારા દરિયાને
આવા કારણ માત્રથી
હિમશીલામાં
ફેરવી શકાશે નહીં મારાથી.....

**આત્મારામ ડોડિયા**

## સંપાદકીય કાર્યાલય

**''દલિત અધિકાર'' માટેના**
**લેખો, અહેવાલો, કાવ્યો અને અન્ય ,**
**સમીક્ષા માટેના પુસ્તકો, વિનિમયાર્થે સામયિકો તથા લવાજમ**
**નીચેના સરનામે મોકલવા વિનંતી છે.**

**ચંદુ મહેરિયા**
**'નિરાંત', ૧૪૧૬/૧, સેકટર-૨-બી, ગાંધીનગર-૩૮૨૦૦૭**
**મો.નં.૯૮૨૪૬ ૮૦૪૧૦**
**Email- maheriyachandu@gmail.com**

### દિલ્હી વડી અદાલતનું નિરીક્ષણ

# સમાજમાં ભ્રાતૃભાવ અને સમાનતાની ગેરહાજરી છે

## ચુકાદો

**પ્રો. અશ્વિનકુમાર ન. કારીઆ**

હરિયાણાના હિસાર જિલ્લાના મિર્ચપુર ગામે ૨૦૧૦માં માથાભારે જાટ લોકોએ દલિત વસતી પર હુમલો કર્યો હતો. તેમાં ૬૦ વરસના દલિત વૃદ્ધ અને તેમના અપંગ યુવાન પુત્રીને જીવતાં સળગાવી નાંખવામાં આવ્યા હતા. આ ગુના બદલ ૯૭ વ્યક્તિઓને આરોપી તરીકે પકડવામાં આવ્યા હતા. નીચેની અદાલતે તે પૈકી પંદરને ગુનેગાર ઠેરવી બ્યાંસી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા હતા. નીચેની અદાલતના આ હુકમ સામે થયેલ અપીલમાં, ભોગ બનનારના કુટુંબીજનોએ કેસ તબદિલ કરવાની માગણી કરતા, અપીલ કેસ, દિલ્હી વડી અદાલત(હાઈકોર્ટ) ને તબદિલ કરાયો હતો

દિલ્હી હાઈકોર્ટે તેના તાજેતરના ૨૦૯ પાનાનાં ચુકાદામાં જણાવ્યું છે કે જાટ લોકોએ વાલ્મીકિ વસ્તી પર કરેલ હુમલો સુયોજિત હતો. કોર્ટે નોંધ્યું છે તે મુજબ, આઝાદીના ૭૧ વરસ પછી પણ કહેવાતા ઉચ્ચવર્ગના લોકોના દલિતો પરના અત્યાચારોમાં ઘટાડો થયો નથી. આ ચુકાદામાં, ''ભારતીય સમાજમાં સમાનતા અને ભાઈચારાનો સંપૂર્ણ અભાવ હોવાનું'' જણાવીને કોર્ટે પ્રશ્ન કર્યો છે કે, ''આપણે ક્યાં સુધી વિરોધાભાસો સાથે જીવીશું ?'' કરોડો દલિતોના મનમાં પણ આ જ સવાલ ઘૂમરાઈ રહ્યો છે. વડી અદાલતે નીચેની અદાલતે જે ૧૫ આરોપીઓને સજા કરી હતી તેને બહાલ રાખીને નિર્દોષ ઠરાવેલ પૈકી અન્ય ૨૦ને પણ પુરાવાઓના આધારે દોષિત ઠરાવી સજા ફટકારી હતી.


૨૧ એપ્રિલ ૨૦૧૦ના રોજ આરોપીઓએ ૧૮ દલિત કુટુંબોના ઘરો સળગાવ્યા હતા અને તેમાં ૧૮ વરસની અપંગ દલિત યુવતી સુમન અને તેમના ૬૦ વરસના વૃદ્ધ પિતા તારાચંદને જીવતા બાળી નાંખ્યા હતા. આ તોફાનો અને આગમાં ૨૫૪ દલિત કુટુંબો બેઘર થયા હતા. બનાવનું કારણ એવું હતું કે બે દિવસ અગાઉ વાલ્મીકિ વસ્તીમાં રહેતું એક કૂતરું જાટ યુવાનો સામે ભસ્યું હતું. નીચેની અદાલતે આ બનાવને બે જૂથો વચ્ચેની તકરાર ગણી હતી. જો કે હાઈકોર્ટે નીચેની અદાલતના આ નિર્ણયને ઉલટાવી દેતાં પોતાના ચુકાદામાં, આ બનાવને સામાન્ય તકરારને બદલે, પૂર્વયોજિત હુમલો માન્યો હતો. સ્થળ પરનો નકશો, તસવીરો તેમ જ વીડિયો ફૂટેજ ધ્યાનમાં લઈ દિલ્હી વડી અદાલતે આ ચુકાદો આપ્યો છે.

દિલ્હી હાઈકોર્ટે ૧૨ આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવેલ છે. ટોળાએ જાણી જોઈને મકાનને આગ ચાંપી હતી અને તેમને જાણ હતી કે અંદર તારાચંદ તેમ જ સુમન છે. બેઘર થયેલા દલિત કુટુંબો તરફ પોતાની ચિંતા પ્રગટ કરતાં અદાલતે એ હકીકતની પણ નોંધ લીધી હતી કે હરિયાણા સરકારે દલિતોના પુનર્વસન માટે અન્યત્ર વ્યવસ્થા કરી હતી. વડી અદાલતે સવાલ કર્યો હતો કે બંધારણના આદર્શો સમાનતા, સામાજિક ન્યાય તેમ જ ભ્રાતૃભાવ સાથે શું આ બંધબેસતું છે ? કોર્ટે ડો.આંબેડકરે તારીખ ૨૫ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભા સમક્ષ કરેલ અંતિમ પ્રવચનની પણ નોંધ લીધી છે. વડી અદાલતે આ કેસના ચુકાદામાં નોંધ્યું છે કે ડો.આંબેડકરે કહ્યું છે તેમ ભારતીય સમાજમાં સમાનતા અને ભાઈચારાની સંપૂર્ણ ગેરહાજરી છે. વડી અદાલતે સજા પામેલ દરેક આરોપીઓને રૂ.૭૦,૦૦૦/- દંડ પણ ફટકાર્યો છે. આરોપીઓ પાસેથી વસૂલ કરાનાર દંડની રકમ હરિયાણા સરકારને ભોગ બનેલ દલિત કુટુંબોને નાણાકીય મદદ તેમ જ પુનર્વસન માટે વાપરવા સુચન કરેલ છે. ભોગ બનેલ દલિતોએ હરિયાણામાં ન્યાય મળવાની આશા ન હોવાની કરેલ અરજી પરથી દેશની સર્વોચ્ચ અદાલતે આ કેસ દિલ્હી હાઈકોર્ટને તબદિલ કર્યો હતો.

(માહિતી સ્ત્રોતઃ અંગ્રેજી દૈનિક 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ', તા. ૨૫-૦૮-૨૦૧૮)


## દિલના દરવાજે દસ્તક

(ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં આત્મકથનાત્મક લખાણો)




: અનુવાદ :
ઉર્વીશ કોઠારી, ચંદુ મહેરિયા,
: પ્રકાશક :
દલિત અધિકાર પ્રકાશન,
બી-૫૮, ન્યૂ હીરાબાગ સોસાયટી,
ગુરુકૃપા સ્કૂલ પાસે, સી.ટી.એમ.,
અમદાવાદ-૩૮૦૦૨૬.
કિંમત : રૂપિયા ૩૦/-
મો. નં. ૯૮૨૪૬ ૮૦૪૧૦

**નવી આવૃત્તિ પ્રગટ થઈ ગઈ છે.**
**૨૫ કે તેથી વધુ નકલો રૂબરૂમાં અડધી કિંમતે માત્ર રૂ. ૧૫/-માં મળશે**



## દલિત અધિકાર પાક્ષિક

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા
૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,
પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧
ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫
મુદ્રણ સ્થાન : માંગલ્ય મુદ્રણાલય,
૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.